# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 09-05-2025 Day: Friday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## આંતરાષ્ટ્રીય સરહદે પાકિસ્તાન દ્વારા કરાયેલા હુમલાને નિષ્ફળ બનાવાયા:

જમ્મુ અને કાશ્મીરના સતવારી, સાંબા, આરએસ પુરા અને અરનિયા પર પાકિસ્તાન દ્વારા આઠ મિસાઇલો છોડવામાં આવી હતી. સંરક્ષણ સૂત્રોએ જણાવ્યું હતું કે હવાઈ સંરક્ષણ એકમો દ્વારા તમામ મિસાઈલ હુમલાઓને નિષ્ફળ બનાવવામાં આવ્યા હતા. સૂત્રોએ જણાવ્યું હતું કે જમ્મુના દ્રશ્યો ઇઝરાયલ પર હમાસના હુમલાની યાદ અપાવે છે. પાકિસ્તાની સેના આતંકવાદી સંગઠન હમાસની જેમ કામ કરી રહી છે અને તે પ્રકારે વર્તી રહી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે પાકિસ્તાની ગુપ્તચર એજન્સી ।Sા અને હમાસ ગયા મહિને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં મળ્યા હતા.

પાકિસ્તાને આંતરરાષ્ટ્રીય સરહદ નજીક સ્થિત જમ્મુ, પઠાણકોટ અને ઉધમપુરમાં લશ્કરી ઠેકાણાઓ પર મિસાઇલો અને ડ્રોનથી હુમલો કર્યો હતો આ હુમલા થી કોઈ નુકસાન નથી થયું. ભારતીય સશસ્ત્ર દળોએ પ્રમાણભૂત સંચાલન પ્રક્રિયાઓ અનુસાર ગતિશીલ અને બિન-ગતિશીલ પગલાં દ્વારા હુમલાઓને નિષ્ક્રિય કર્યા.

સંરક્ષણ સૂત્રોએ જણાવ્યું હતું કે પશ્ચિમી સરહદ પર અનેક સ્થળોએ દુશ્મનના હુમલાના ડ્રોન જોવા મળ્યા હતા. ભારતીય હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ દ્વારા તેને અસરકારક રીતે નષ્ટ કરવામાં આવ્યા હતા.

દરમિયાન, રાત્રે લગભગ ૧૧ વાગ્યે, સીમા સુરક્ષા દળે જમ્મુ અને કાશ્મીરના સાંબા જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સરહદ પર ઘૂસણખોરીના એક મોટા પ્રયાસને નિષ્ફળ બનાવ્યો.

----------------------------------------------------------------------

## વિદેશમંત્રી ડો.એસ.જય શંકરે અમેરિકાના વિદેશમંત્રી સાથ વાત કરી:

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ગઈકાલે સાંજે અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયો સાથે વાત કરી હતી. તેમણે સરહદ પારના આતંકવાદ સામે ભારતની લક્ષિત અને સંતુલિત કાર્યવાહી વિશે માહિતી આપી. ડૉ. જયશંકરે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે ભારત હિંસા ભડકાવવાના કોઈપણ પ્રયાસનો કડક વિરોધ કરશે. તેમણે કહ્યું કે તેઓ આતંકવાદ સામેની લડાઈમાં ભારત સાથે મળીને કામ કરવાની અમેરિકાની પ્રતિબદ્ધતાની ખૂબ પ્રશંસા કરે છે.

ડૉ. જયશંકરે ઇટાલીના નાયબ પ્રધાનમંત્રી અને વિદેશ મંત્રી એન્ટોનિયો તાજાની સાથે ટેલિકોન્ફરન્સમાં આતંકવાદ સામે લડવામાં ભારતની લક્ષ્યાંકિત અને સંતુલિત કાર્યવાહીની ચર્ચા કરી. ડૉ. જયશંકરે કહ્યું કે પાકિસ્તાન દ્વારા સંઘર્ષ વધારવાના કોઈપણ પ્રયાસનો યોગ્ય જવાબ આપવામાં આવશે.

ડૉ. જયશંકરે યુરોપિયન યુનિયનના વિદેશ બાબતો અને સુરક્ષા નીતિના ઉચ્ચ પ્રતિનિધિ કાજા કલ્લાસ સાથે વર્તમાન વિકાસ અંગે પણ ચર્ચા કરી. વિદેશ મંત્રીએ કહ્યું કે ભારતે આ સમયગાળા દરમિયાન સંયમ રાખ્યો છે અને સંઘર્ષ વધારવાની કોઈપણ કાર્યવાહીનો કડક જવાબ આપવામાં આવશે.

---

## સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે સમીક્ષા બેઠક-:

દેશમાં વર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખીને ગુજરાત સરહદી રાજ્ય હોવાથી સરહદી જિલ્લાની પરિસ્થિતિ પર સતત નજર રાખવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૂચનાથી સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર ખાતે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીના અધ્યક્ષ સ્થાને ઈમરજન્સી સમીક્ષા બેઠક યોજાઈ હતી.

જેમાં મંત્રીશ્રીએ સંબંધિત જિલ્લાના કલેક્ટરો તથા જિલ્લા પોલીસ વડાઓ સાથે ટેલીફોનીક વાત કરી સ્થાનિક સ્થિતિ અંગે જાણકારી મેળવીને કોઈ અનિચ્છનીય બનાવ ન બને,

કોઈ પેનિક ન થાય તથા વિશેષ તકેદારી રાખવામાં આવે તે માટે જરૂરી સાવચેતીના પગલાં ભરવા સૂચનાઓ આપી.

આ બેઠકમાં મુખ્ય સચિવ પંકજ જોશી, અધિક મુખ્ય સચિવ જયંતિ રવિ, રાહત કમિશનર આલોક કુમાર પાંડે અને ગુજરાત પોલીસ વડા વિકાસ સહાય સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત હતા.

---------------------------------------------------------------------------------------

## PM-વિવિધ વિભાગોના સચિવોને નિર્દેશ આપ્યા:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિવિધ વિભાગોના સચિવોને તૈયારી, કટોકટી પ્રતિભાવ અને આંતરિક સંદેશાવ્યવહાર પર વિશેષ ધ્યાન આપવા નિર્દેશ આપ્યો. રાષ્ટ્રીય સજ્જતા અને આંતર-મંત્રાલય સંકલનની સમીક્ષા કરવા માટે સરકારના વિવિધ મંત્રાલયો અને વિભાગોના સચિવો સાથે એક ઉચ્ચ સ્તરીય બેઠકમાં શ્રી મોદીએ સતત સતર્કતા, સંસ્થાકીય તાલમેલ અને સ્પષ્ટ સંદેશાવ્યવહાર માટે હાકલ કરી. આ બેઠક દરમિયાન શ્રી મોદીએ કામગીરીની સાતત્યતા અને સંસ્થાકીય સ્થિતિસ્થાપકતાને જાળવી રાખવા માટે મંત્રાલયો અને એજન્સીઓ વચ્ચે અવિરત સંકલનની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

---------------------------------------------------------------------------------------

## સમગ્ર કચ્છમાં બ્લેક આઉટ:

ભારત-પાકિસ્તાનની તણાવભરી સ્થિતિ વચ્ચે ગઇરાત્રે દેશના અન્ય સરહદી વિસ્તાર સહિત સમગ્ર કચ્છમાં બ્લેકઆઉટ કરવામાં આવ્યું હતું. જિલ્લામથક ભુજમાં સર્વપ્રથમ અંધારપટ્ટ છવાયો હતો અને ત્યારપછી સમગ્ર કચ્છમાં બ્લેકઆઉટ કરાયું હતું. સરહદી અબડાસા લખપત, નારાયણ સરોવર સહિતના ગામોમાં સજ્જડ અંધારપટ્ટ છવાયું હતુ.

---------------------------------------------------------------------------------------

## પાકિસ્તાન સાથે જોડાયેલી કચ્છ સરહદે સલામતી સઘન બનાવાઈ:

ઓપરેશન સિંદુરને પગલે પાકિસ્તાન સાથે જોડાયેલી કચ્છની સરહદની સલામતી સઘન કરવામાં આવી છે. સુરક્ષા એજન્સીઓની સાથોસાથ પોલીસ અને  સમગ્ર વહીવટી તંત્ર એલર્ટ મોડ પર આવી ગયુ છે. ભુજ અને કંડલા વિમાન મથક પર તમામ મુસાફર સંબધિત ગતિવિધિ સ્થગિત કરી તમામ ઉડાન રદ કરવામાં આવી છે. અમારા પુર્વ કચ્છના પ્રતિનિધિ રામજી મેરીયા જણાવે છે કે, પુર્વ કચ્છના સરહદી વિસ્તારના બેલા,મોવાણા,ધોળાવીરા સહિતના સરહદી ગામોને હાઈ-એલર્ટ કરી દેવાયા છે..

---

## માછીમારોને  દરિયો ન ખેડવા સુચના:

ખરાબ હવામાન તથા ભારે પવન ફુંકાવવાની આગાહી હોવાથી કચ્છના તમામ માછીમારોને દરિયો ન ખેડવા તેમજ દરિયામાં રહેલા માછીમારોને તુરંત જ પરત આવી  જવા મત્સ્યોધોગ કચેરી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

---